॥ અભિનય ગીત ॥

ફરો કુદરડી, ફરો કુદરડી
ગીત ગાઇયે ભારતના,
અમે ગીત ગાઇયે ભારતના॥
ભારતમાતા સહુની માતા,
આખીયે દુનિયાની માતા,
તાળી પાડો, ચપટી વગાડો,
ગીત ગાઇયે ભારતના,
અમે ગીત ગાઇયે ભારતના ॥૧॥
ભારતમાતા છે ધ્વજધારી,
માથે મુગટ સિંહની સવારી,
સાથે મળીને, હાથ પકડિને,
ગીત ગાઇયે ભારતના,
અમે ગીત ગાઇયે ભારતના ॥૨॥
ભારતમાતા બહુબલ ધારિણી,
ભારતમાતા રિપુદલ હારિણી,
શ્વાસ લઇને, બુલંદ કંઠે,
ગીત ગાઇયે ભારતના,
અમે ગીત ગાઇયે ભારતના ॥3॥